# સેક્રેટરી ઓફિસ, સુરત

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત-૩૯૫૦૦૩.
ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૨૧૪.


(૧)

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૦/૮
તા.૭-૮-૨૦૨૦

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૨૦/૩**

**અરજદાર :-**
**શ્રી જયસુખભાઈ એમ. ગજેરા અને શ્રી કે.એચ.ગજેરા(એડવોકેટ)**

**વિરુધ્ધ**

**સામેવાળા :-** જા.મા.અ. અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષય:** આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદારશ્રીની તા.૩-૬-૨૦૨૦ ની અરજી આઈ.ડી.નં.૬ ના મુદ્દા નં.૧,૩ અને ૨૧ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ:** અરજદારશ્રીની તા.૧૩-૭-૨૦૨૦ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું:**

૧. અરજદારશ્રી જયસુખભાઈ એમ. ગજેરા અને શ્રી કે.એચ.ગજેરા(એડવોકેટ)ની તા.૩-૬-૨૦૨૦ ની માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળની ચીફ ફાયર ઓફિસર, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી આઈ.ડી. નં.૬.(નમુનો-ક)

૨. શ્રી કેતન સોજીત્રા(ટીમ ગબ્બર)ની તા.૧૮-૬-૨૦૧૯ ના રોજની મ્યુ.કમિશનરશ્રીને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી.

૩. ઈ.ચા.ચીફ ફાયર ઓફિસર અને જા.મા.અ., ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ, સુરતનો તા.૩-૬-૨૦૨૦ નો પત્ર નં.એફઈએસ/આઉટવર્ડ નં.૦૩ (નમૂનો-ઘ)

૪. જા.મા.અ. અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનો તા.૮-૬-૨૦ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૦/૩૪ (નમુનો-ઘ)

૫. જા.મા.અ. અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનો તા.૮-૬-૨૦ નો પત્ર નં.આર.ટી.આઈ., સેક્રેટરી/આઉટ/૨૦૨૦/૩૫ (નમુનો-ખ)

૬. આર.ટી.આઈ.સેલ,વરાછા ઝોનનો તા.૨૩-૬-૨૦ નો પત્ર નં.ઈસ્ટ ઝોન/આર.ટી.આઈ.સેલ/જાવક નં.૧૧૦

૭. જા.મા.અ. અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનો તા.૨૩-૬-૨૦ નો પત્ર નં.આર.ટી.આઈ., સેક્રેટરી/આઉટ/૨૦૨૦/૩૫ (નમુનો-ગ)

૮. અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર, પૂર્વ ઝોનનો તા.૨૨-૭-૨૦૨૦ નો પત્ર નં.ઈસ્ટ ઝોન-બી /આર.ટી.આઈ.સેલ/ જાવક નં.૧૯૧ (નમુનો-ઘ)

૯. અરજદારશ્રી જયસુખભાઈ એમ. ગજેરા અને કે.એચ.ગજેરા(એડવોકેટ)ની તા.૧૩-૭-૨૦૨૦ ના રોજની પ્રથમ અપીલ

૧૦.પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રીનો તા.૨૪-૭-૨૦૨૦ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૦/

૧૧.જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૨૭-૭-૨૦૨૦ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૦/૪૯.

૧૨.પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રીનો તા.૨૭-૭-૨૦૨૦ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૦/૬(નમુનો-ઘ)

ફરીયાદની હકીકત :-

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, અરજદારશ્રી જયસુખભાઈ એમ. ગજેરા અને શ્રી કે.એચ.ગજેરા(એડવોકેટ) (ટીમ ગબ્બર),

સુરત ધ્વારા તા.૩-૬-૨૦૨૦ ના રોજ માહિતિનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ ચીફ ફાયર ઓફિસર, મુખ્ય કચેરી, ફાયર ઓફિસ, મુગલીસર મેઈન ઝોન ઓફિસ, સુરતને ઉદ્દેશીને **માહિતી માંગતી અરજી(નમુનો-ક) કરેલ હતી. જે આઈ.ડી.નં.૦૬ થી નોંધાયેલ હતી.** જે અરજીના વિવિધ મુદ્દાઓ ધ્વારા તેમણે **શ્રી કેતન સોજીત્રા (ટીમ ગબ્બર)ની તા.૧૮-૬-૨૦૧૯ ના રોજની મ્યુનિસિપલ કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ એક રજુઆત/અરજીના અનુસંધાને માહિતી માંગેલ હતી.**

સદર આર.ટી.આઈ. એકટ હેઠળની માહિતી માંગતી અરજી ઈ.ચા.ચીફ ફાયર ઓફિસર અને જા.મા.અ. ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ, સુરતને મળ્યેથી તેઓએ **તા.૩-૬-૨૦૨૦** ના પત્ર નં.એફઈએસ/આઉટવ. નં.૦૩ થી સુરત મહાનગરપાલિકાના સદર અરજીના વિવિધ મુદ્દાઓને લાગત એવા કુલ-૭ ખાતાના જાહેર માહિતી અધિકારી સહિત કલેકટર કચેરી, સુરતનાને એકીસાથે તબદીલ(**પ્રથમ ટ્રાન્સફર**) કરેલ હતી.

જે પૈકી આર.ટી.આઈ. એકટ હેઠળ કરવામાં આવેલ **અરજીના મુદ્દા નં.૧, ૩, ૨૧ અને ૨૨ તેમજ અન્ય અને મ્યુ.કમિશનરશ્રીને ઉદ્દેશીને કરવામાં આવેલ તા.૧૮-૬-૨૦૧૯ ની અરજી(શ્રી કેતન સોજીત્રા (ટીમ ગબ્બર))**ને લગતી માહિતી આપવા બાબતે સેક્રેટરી ઓફિસ,સુરત મહાનગરપાલિકાને તા.૪-૬-૨૦૨૦ ના રોજ સદર અરજી તબદીલીથી મળેલ છે.

અરજદાર ધ્વારા આર.ટી.આઈ. હેઠળની અરજીના મુદ્દા નં.૩૨ માં જણાવ્યાનુસાર **"સદર માહિતી કોર્ટ કામમાં અત્યંત જરૂરી હોય ૪૮ કલાકમાં અમોને માહિતી આપવી"** તેમજ ઈ.ચા.ચીફ ફાયર ઓફિસર અને જા.મા.અ., ધ્વારા નમુના-ઘ માં જણાવેલ નોંધ અનુસાર **"કલમ-૮ મુજબ સદર માહિતી ૪૮ કલાકમાં આપવા અરજદારે અરજી કરેલ છે"**.

ઉકત સઘળી બાબતો ધ્યાને લઈ, જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ ધ્વારા તા.૮-૬-૨૦ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૦/૩૪(નમુનો-ઘ) થી અરજદારશ્રીની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજી ધ્વારા માંગવામાં આવેલ માહિતી/દસ્તાવેજની વિષય વસ્તુ સાથે વધુ નિકટતાથી આંશિક સંકળાયેલ (૧) જાહેર માહિતી અધિકારી અને ડે.એકાઉન્ટન્ટશ્રીને મુદ્દા નં.૧ અને ૩ ની માહિતી માટે તેમજ (૨) સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી, મધ્યસ્થ કચેરીને મ્યુ.કમિશનરશ્રીને ઉદ્દેશીને તા.૧૮-૬-૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ રજુઆત/અરજી (શ્રી કેતન સોજીત્રા(ટીમ ગબ્બર)) બાબતની માહિતી માટે એકીસાથે આંશિક તબદીલ (**દ્વિતિય ટ્રાન્સફર**) કરેલ હતી અને તેની નકલ/જાણ અરજદારશ્રીને મોકલેલ હતી. અરજદારશ્રીની આર.ટી.આઈ. હેઠળની માહિતી માંગતી તા.૩-૬-૨૦૨૦ ના રોજની અરજીના અનુસંધાને માત્ર સેક્રેટરી ઓફિસને લાગત મુદ્દા નં.૧,૩,૨૧ અને ૨૨ બાબતે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ સમયમર્યાદામાં અરજદારશ્રીને **તા.૮-૬-૨૦૨૦ ના** પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/ આઉટ/૨૦૨૦/૩૫ થી જરૂરી ફી ભરવાનો પત્ર(નમુનો-ખ) રૂબરૂ મોકલેલ જેના અનુસંધાને **અરજદારશ્રીએ તા.૨૦-૬-૨૦૨૦ ના રોજ** વરાછા ઝોન ખાતે જરૂરી ફી ભરેલ જેની જાણ કરતો તા.૨૩-૬-૨૦૨૦ ના રોજનો પત્ર જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીને મળ્યેથી પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/ આઉટ/૨૦૨૦/૩૮(નમુનો-ગ)થી દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ આંશિક માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

વિવાદીશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, અરજદારશ્રી/ સામેવાળાશ્રીએ કરેલ અરજી/રજુઆતો/પુરાવાઓ/દલીલો તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

"અરજદારશ્રી જયસુખભાઈ એમ.ગજેરા અને શ્રી કે.એચ.ગજેરા (એડવોકેટ)ની તા.૩-૬-૨૦૨૦ ની મૂળ અરજી(આઈ.ડી.નં.૬) થી માંગવામાં આવેલ માહિતી પૈકી સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતેના આંશિક મુદ્દા નં.૧, ૩, ૨૧ અને ૨૨ ની દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ તરફથી નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે તેમજ લાગત વિભાગને આંશિક તબદીલ પણ કરવામાં આવેલ છે. જે પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર યથાયોગ્ય રાખવામાં આવે છે તેમજ રૂબરૂ સુનાવણી વખતે અરજદારશ્રીની લેખિત રજુઆત ધ્યાને લેતા સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી જે સમગ્રયતા ધ્યાને લેતા સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબત માટે જ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર-૧૦(એ), ગાંધીનગર-૩૮૨૦૧૦ ખાતે દિન-૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

(સ્વાતી પી. દેસાઈ)
પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી
સુરત મહાનગરપાલિકા.

---

<u>નકલ રવાના :-</u>

સા.ર.:- સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ.
ન.ર. :- જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ.... જાણ માટે.
ન.ર. :- અરજદારશ્રી જયસુખભાઈ એમ. ગજેરા અને શ્રી કે.એચ.ગજેરા(એડવોકેટ) પ્રતિ.....જાણ સારૂ.
ન.ર.:- અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, [illegible] ([illegible]) પ્રતિ... જાણ સારૂ.

## સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩. ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૨૧૪.

(૯)

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૦/૧૦
તા.૪–૯–૨૦૨૦

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૨૦/૫**

**અરજદાર :–**
**શ્રી પિંકલ પી. ઘીવાળા**

**વિરુધ્ધ**

**સામેવાળા:–** જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષય:** આર.ટી.આઈ. એક્ટ હેઠળ શ્રી પીંકલ પી. ઘીવાળાની તા.૨૪–૬–૨૦૨૦ ની અરજી આઈ.ડી.નં.૯૩ બાબત.

**સંદર્ભ:** અરજદારશ્રીની તા.૫–૮–૨૦૨૦ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું:**

૧. વિવાદીશ્રી પિંકલ પી. ઘીવાળાની તા.૨૪–૬–૨૦૨૦ ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની જાહેર માહિતી અધિકારીશ્રી, કમ્પ્લેઈન મેનેજમેન્ટ વિભાગ, સુ.મ.પા.,સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી આઈ.ડી.નં.૯૩(નમુનો–ક).

૨. આસી.લો ઓફિસર અને સંકલન અધિકારી, આર.ટી.આઈ.સેલ, વેસ્ટ ઝોનનો તા.૨૫–૬–૨૦૨૦ ના રોજનો પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈ સેલ/૨૪૩(નમુનો–ઘ)

૩. જા.મા.અ. અને પ્રથમ શ્રેણી કલાર્ક, કમ્પ્લેઈન મેનેજમેન્ટ એન્ડ એનાલીસીસ સેલનો તા.૨–૭–૨૦૨૦ નો પત્ર ક્રમાંક નં.સીએમએસી/આઉટ/૪૫

૪. જા.મા.અ. અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનો તા.૨૨–૭–૨૦ નો પત્રનં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૦/૪૬(નમુનો–ખ)

૫. જા.મા.અ. અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનો તા.૩૦–૭–૨૦ નો પત્રનં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૦/૫૩(યાદપત્ર–૧)

૬. જા.મા.અ. અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનો તા.૧૧–૮–૨૦ નો પત્રનં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૦/૬૧(અંતિમ યાદપત્ર)

૭. અરજદારશ્રી પીંકલ પી. ઘીવાળાની તા.૫–૮–૨૦૨૦ એપેલેટ ઓફિસર, કમ્પ્લેઈન મેનેજમેન્ટ એન્ડ એનાલીસીસ સેલ અને મધ્યસ્થ કચેરી, સુ.મ.પા.ને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ આઈ.ડી. નં.૩૨(નમુનો–ચ)

૮. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસનો તા.૨૭–૦૮–૨૦૨૦ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૦/૬૯

**ફરીયાદની હકીકત :–**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના અરજદારશ્રી પિંકલ પી. ઘીવાળા, તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ હેઠળ તા.૨૪–૬–૨૦૨૦ ના રોજ વેસ્ટ ઝોન ખાતે જાહેર માહિતી અધિકારીશ્રી, કમ્પ્લેઈન મેનેજમેન્ટ વિભાગ, સુ.મ.પા.,સુરતને ઉદ્દેશીને માહિતી મેળવવા માટેની અરજી(નમુનો–ક) કરેલ હતી.

વેસ્ટ ઝોન ખાતે સદર અરજી આઈ.ડી.નં.૯૩ થી નોંધાયેલ હતી. જે માહિતી માંગતી અરજી(નમુનો-ક) આસી.લો ઓફિસર અને સંકલન અધિકારી, આરટીઆઈ સેલ, વેસ્ટ ઝોન ધ્વારા તા.૨૫-૬-૨૦૨૦ ના રોજ પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈ સેલ/૨૪૩(નમુનો-ઘ) થી જા.મા.અ. અને બીજી શ્રેણી કલાર્ક, કમ્પ્લેઈન મેનેજમેન્ટ એન્ડ એનાલીસીસ સેલ(મધ્યસ્થ કચેરી)ને સંપુર્ણ તબદીલ (પ્રથમ ટ્રાન્સફર)કરેલ, જેમણે તા.૨-૭-૨૦૨૦ ના રોજ પત્ર ક્રમાંક નં.સીએમએસી/આઉટ/૪૫ થી જાહેર માહિતી અધિકારી/સેકશન ઓફિસરશ્રી મધ્યસ્થ મહેકમ વિભાગ/આસી. સેક્રેટરીશ્રી, સેક્રેટરી વિભાગને એકીસાથે આંશિક તબદીલ (દ્વિતીય ટ્રાન્સફર) કરેલ, જે સેક્રેટરી ઓફિસને તા.૩-૭-૨૦૨૦ ના રોજ મળેલ છે.

સદર અરજીના સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતેની દફતર પર ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી(આંશિક) અને દસ્તાવેજો પુરી પાડવા માટે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ નિયત સમયમર્યાદામાં અરજદારશ્રીને તા.૨૨-૭-૨૦૨૦ ના રોજ પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/ આઉટ/૨૦૨૦/૪૬ થી જરૂરી ફી (નમુનો-ખ) જમા કરાવવાનું ફરમાવવામાં આવેલ, પરંતુ અરજદારે તેનો કોઈ પ્રત્યુત્તર આપેલ નહી કે ફી જમા કરાવેલ નહી હોવાથી જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ તા.૩૦-૭-૨૦૨૦ ના રોજ યાદપત્ર-૧ અને તા.૧૧-૮-૨૦૨૦ ના રોજ સદર બાબતે અંતિમ યાદપત્ર પાઠવેલ છે.

અરજદારશ્રીએ તા.૨૪-૬-૨૦૨૦ ના રોજની અરજી કર્યાના ૩૦ દિવસની અંદર કોઈ નિર્ણય મળેલ નથી અને જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીના પત્ર(નમુનો-ખ) નં.આરટીઆઈ/સેક્રેટરી/આઉટ/ ૨૦૨૦/૪૬ થી નારાજ થઈ તેમજ નમુનો-ક મુજબ માંગવામાં આવેલ માહિતી આપવામાં આવેલ નથી તેવા અપીલ માટેના કારણો જણાવી તા.૫-૮-૨૦ ના રોજ વેસ્ટ ઝોન ખાતે એપેલેટ ઓફિસરશ્રી, કમ્પલેઈન મેનેજમેન્ટ એન્ડ એનાલીસીસ સેલ અને મધ્યસ્થ કચેરી, સુમપાને ઉદ્દેશીને પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ, જે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, પશ્ચિમ ઝોન ધ્વારા તા.૭-૮-૨૦૨૦ ના રોજ પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈ સેલ/૭૧૩(નમુનો-ઘ) થી અપીલ અધિકારી અને ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (મધ્યસ્થ કચેરી), સુમપાને સંપુર્ણ તબદીલ (પ્રથમ ટ્રાન્સફર) કરેલ. જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, કમ્પ્લેઈન મેનેજમેન્ટ એન્ડ એનાલીસીસ સેલના તા.૧૪-૮-૨૦૨૦ ના પત્ર ક્રમાંક સીએમસી/આઉટ/૬૭ થી (૧) અપીલ અધિકારી અને પર્સોનલ ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગ અને (૨) સેક્રેટરીશ્રી, સેક્રેટરી વિભાગને સંપુર્ણ તબદીલ (દ્વિતીય ટ્રાન્સફર) કરેલ જે સેક્રેટરી વિભાગને તા.૧૭-૮-૨૦૨૦ ના રોજ મળેલ છે.

અરજદારશ્રીની પ્રથમ અપીલમાં જણાવેલ સેક્રેટરી વિભાગને લાગુ પડતી બાબતેના કારણો ધ્યાને લઈ, પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રીએ તા.૨૧-૮-૨૦૨૦ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/ આઉટ/૨૦૨૦/૯ ધ્વારા અરજદારશ્રી પીકલ પી.ઘીવાળા અને સામાવાળા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસને ઉકત માહિતી માંગતી અરજી(આઈ.ડી.૯૩)ના અનુસંધાને કરેલ કાર્યવાહીની વિગતો સહિતનો પક્ષ રજુ કરવા અને તા.૨૬-૮-૨૦૨૦ ના રોજ સવારે ૧૧-૪૫ કલાકે સુનવણી અર્થે રૂબરૂ હાજર રહેવા જણાવેલ.

જે અન્વયે સામાવાળા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનાએ તા.૨૪-૮-૨૦૨૦ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૦/૬૯ થી જરૂરી બિડાણો/પુરાવાઓ અને લેખિત દલીલો સહિત અપીલ તબકકે આધાર સહ તેવો પોતાનો પક્ષ રજુ કરેલ છે.

તા.૨૬–૮–૨૦૨૦ ના રોજ સવારે ૧૧–૪૫ કલાકે પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી, સુરત મહાનગરપાલિકા સમક્ષ રાખવામાં આવેલ પ્રથમ અપીલની સુનવણીમાં નિયત સમયે અરજદારશ્રી પિંકલ ઘીવાળા રૂબરૂ હાજર રહેલ નથી તેમજ અપીલની સુનવણી વખતે તેમની ગેરહાજરી બાબતે કે અપીલ તબકકે પોતાનો પક્ષ કોઈપણ રીતે રજુ કરેલ નથી જયારે સામાવાળા પક્ષે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી એસ.આર.પટેલ, સુનવણીમાં નિયત સમયે હાજર રહી પુર્તતા અહેવાલમાં જણાવેલ તમામ વિગતો સાબિત સહ એપેલેટ ઓથોરીટી સમક્ષ રજુ કરી અને અરજદારશ્રી ધ્વારા અપીલમાં જાણાવેલ સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે જણાવે છે કે, અરજદારશ્રીની માહિતી માંગતી અરજી(નમુનો–ક) અત્રેની કચેરીને ટ્રાન્સફર(કુલ–૨)થી મળેલ છે. અરજદારશ્રીને માહિતી પુરી પાડવા અર્થે નિયમોનુસાર માંગેલ માહિતી(આંશિક) અને જરૂરી દસ્તાવેજો માટેની ફી બાબતે "નમુનો–ખ" અરજદારશ્રીને ૩૦ દિવસની અંદર સમયમર્યાદામાં તા.૨૨–૭–૨૦૨૦ ના રોજ અરજીમાં જણાવેલ સરનામે તેમના ઘરના સદસ્ય શ્રીમતી પદમાબેનને અરજદારશ્રીની ગેરહાજરીમાં રૂબરૂ સહી મેળવી પહોંચાડેલ છે, અરજદારશ્રીને સદર બાબતે યાદપત્ર–૧ અને અંતિમ યાદપત્ર પાઠવવામાં આવેલ હોવા છતાં આજદિન સુધી તે મેળવવા અંગેના પત્રથી જણાવેલ નિયમોનુસાર ફી તેઓ ધ્વારા નહી ભરવાને કારણેજ સેક્રેટરી વિભાગની માહિતી પુરી પાડવામાં આવેલ નથી તેમજ નમુનો–ખ માં જાહેર માહિતી અધિકારીશ્રીનું નામ એસ.આર.પટેલ લખવામાં/આપવામાં આવેલ છે. સદર દિને અરજદારશ્રી પિંકલ ઘીવાળા નિયત સમય બાદ ખુબજ મોડેથી કોઈપણ પ્રકારની આગોતરી જાણ કર્યા વગર અચાનક સાંજે ૫–૩૦ કલાકે સેક્રેટરી ઓફિસ ખાતે સુનવણી અર્થે આવેલ હતા.

સબબ, પ્રથમ અપીલ અધિકારીશ્રીએ અરજદારશ્રીને જણાવ્યું કે, નિયત સમય બાદ ખુબજ મોડેથી આવ્યા હોય આપશ્રી સુનવણી હમણાં કરવા ઈચ્છા ધરાવતા હોય તો હમણાં અને આપશ્રીને અન્ય કોઈ તારીખે સુનવણી રાખવી હોય તો તે જણાવી શકો છો. અરજદારશ્રીએ સુનવણી તત્સમયે જ રાખવાનું જણાવતાં પ્રથમ અપીલ અધિકારીશ્રી અને મ્યુ.સેક્રેટરીશ્રીએ તેનો સ્વીકાર કરેલ હતો.

તા.૨૬–૮–૨૦૨૦ ના રોજ સાંજે ૫–૩૫ કલાકે પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી, સુરત મહાનગરપાલિકા સમક્ષની પ્રથમ અપીલની સુનવણીમાં અરજદારશ્રી પિંકલ ઘીવાળા તેમજ સામાવાળા પક્ષે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી એસ.આર.પટેલ હાજર રહેલ છે. સુનવણી દરમ્યાન અરજદારશ્રીએ અપીલમાં જણાવ્યાનુસાર તેઓને " જાહેર માહિતી અધિકારી ધ્વારા આર.ટી.આઈ./ સેક્રેટરી/ આઉટ/૨૦૨૦/૪૬ થી આંશિક માહિતીની પુર્તતા કરવામાં આવેલ છે, માંગવામાં આવેલ માહિતીના મુદ્દા નં.૧ થી ૮ માંથી કયા મુદ્દાની પુર્તતા કરવામાં આવેલ છે. તે આંશિક માહિતીની પુર્તતા કયા મુદ્દાની છે એ સમજાતું નથી." જેથી સદર બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજીથી માંગવામાં આવેલ તમામ માહિતીની અરજદારશ્રીને સારી રીતે સમજણ પડે તે મુજબની મુદ્દાસર પુર્તતા કરી તેમની ગેરસમજ દુર કરવામાં આવેલ અને પત્ર મળ્યાની તારીખની સાબિતી અર્થે ટપાલબુકની ઝેરોક્ષ બતાવી અરજદારશ્રીને નિયત સમય મર્યાદામાં એકટમાં જણાવ્યા અનુસાર "નમુનો–ખ" પાઠવવામાં આવેલ તેની સાબિતી દર્શાવેલ અને સદર માહિતી વિના–મુલ્યે આપી શકાય તેમ નથી તેવું જણાવ્યું તેમજ નમુનો–ખ અંગેના તમામ પેપર્સ (કુલ નંગ–૩૨) સુનવણી સમયે તેમની સાથે રાખેલ હોય અરજદારશ્રીને જરૂર જણાય તો ઈન્સ્પેકશન કરવા અંગે રજુઆત કરેલ હતી, જે અરજદારશ્રીએ સ્વીકારતા સેક્રેટરી ઓફિસના ઉપલબ્ધ રેકર્ડ પરની અને લાગુ પડતી બાબતેની માહિતી(આંશિક)/દસ્તાવેજના પાનાનું નિરિક્ષણ કરી નમુના–ખ મુજબના પાના કુલ નંગ–૩૨ (પેપર્સની કોપી) માંગવામાં આવેલ માહિતી અન્વયે જોઈએ છે તેવું જણાવી માહિતી પુરી પાડવા વિનંતી કરેલ છે.

સદર બાબતે, પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીએ અરજદારશ્રીને જણાવ્યું કે, આપશ્રીને તા.૨૨–૭–૨૦૨૦ ના પત્રથી જણાવેલ નમુનો–ખ મુજબની ફી ભર્યેથી માંગવામાં આવેલ માહિતી પુરી પાડવામાં આવશે તેમજ જાહેર માહિતી અધિકારીશ્રીએ જણાવ્યું કે, અરજદારશ્રીને અરજીના તમામ મુદ્દાઓની પુર્તતા કરવામાં આવેલ છે અને અત્રેની કચેરીએ જુદી જુદી બાબતે કરવામાં આવેલ ઠરાવ–એજન્ડાના રેકર્ડની નિભાવણી જે તે વર્ષવાઈસ–ઠરાવ ક્રમાંક વાઈસ કરવામાં આવે છે. વધુમાં જણાવેલ કે, રેકર્ડની નિભાવણી જુદી જુદી બાબતેના વિષય વાઈસ કરવામાં આવતી નથી તેમજ પ્રોએકટીવ ડીસકલોઝર હેઠળ પણ સેક્રેટરી ઓફિસને લગતી માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર મુકવામાં આવેલ જ છે તેમજ વખતોવખત નિયમોનુસાર તેને અપડેટ પણ કરવામાં આવે છે.

આમ, વિવાદીશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, પ્રતિવાદીશ્રીએ કરેલ રજુઆતો તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## હુકમ

**"અરજદારશ્રી પીંકલ પી. ઘીવાળાની તા.૨૪–૬–૨૦૨૦ ની મૂળ અરજી (આઈ.ડી.નં.૯૩)ના મુદ્દા નં.૧ થી ૮ થી માંગવામાં આવેલ માહિતી પૈકી સેક્રેટરી ઓફિસના દફતર પર ઉપલબ્ધ રેકર્ડને આધારિત માહિતી(આંશિક)ની અરજદારશ્રીને સમજણ પડે તે મુજબની મુદ્દાસર પુર્તતા કરી અરજદારશ્રીની ગેરસમજ દુર કરવામાં આવેલ હોય અને જાહેર માહિતી અધિકારી ધ્વારા નિયમોનુસાર "નમુનો–ખ" નિયત સમયમર્યાદામાં પાઠવેલ હોય તેમજ અરજદાર ધ્વારા સુનવણી સમયે રેકર્ડના કરવામાં આવેલ નિરીક્ષણ અન્વયે માંગ્યા મુજબના દસ્તાવેજોની માંગણી ધ્યાને લેતા, જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ ધ્વારા અરજદારશ્રીને તા.૨૨–૭–૨૦૨૦ ના રોજ પાઠવવામાં આવેલ પત્ર "નમુનો–ખ" ને યથાયોગ્ય રાખવામાં આવે છે તેમજ અરજદારશ્રી પિંકલ પી. ઘીવાળાને સદર "નમુના–ખ" માં જણાવ્યાનુસાર ફી આ હુકમ મળ્યેથી દિન–૧૦ માં ભરવાનું તેમજ અરજદારશ્રી ધ્વારા ફી ભર્યેથી જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ નિરીક્ષણ હેઠળના પેપર્સો/માહિતી(આંશિક) "નમુનો–ગ" હેઠળ વિના વિલંબે પુરી પાડવાનું આથી ફરમાવવામાં આવે છે. અરજદારશ્રીની અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ દફતરે કરવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

**(સ્વાતી પી. દેસાઈ)**
**પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી**
**સુરત મહાનગરપાલિકા.**

---

<u>નકલ રવાના :–</u>

સા.ર.:– સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ.
ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ.... જાણ માટે.
ન.ર. :– અરજદારશ્રી શ્રી પિંકલ પી. ઘીવાળા પ્રતિ.....જાણ સારૂ. [illegible]

# સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.
ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૨૧૪.


(3)

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૦/૧૩
તા.૨૪–૧૨–૨૦૨૦

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૨૦/૧૨**

**અરજદાર :–**

શ્રી ગૌતમભાઈ સી. પટેલ

**વિરુધ્ધ**

**સામેવાળા:–** જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષય:** આર.ટી.આઈ. એક્ટ હેઠળ શ્રી ગૌતમભાઈ સી. પટેલની તા.૨૦–૧૦–૨૦૨૦ ની આર.ટી.આઈ. એક્ટ હેઠળની અરજી આઈ.ડી.નં.૩૦૧ થી ૩૦૪ બાબત.

**સંદર્ભ:** અરજદારશ્રીની તા.૧–૧૨–૨૦૨૦ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું:**

૧. અરજદારશ્રી ગૌતમભાઈ સી. પટેલની તા.૨૦–૧૦–૨૦૨૦ ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની જાહેર માહિતી અધિકારીશ્રી, મ્યુ.કમિશ્નર સાહેબશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી(નમુનો–ક) આઈ.ડી.નં.૩૦૧ થી ૩૦૪ (કુલ–૪ અરજી)

૨. જા.મા.અ. અને ઈ.ચા. પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી)ના તા.૨૧–૧૦–૨૦૨૦ ના પત્રો નં.સી./આર.ટી.આઈ./૩૦૧ થી ૩૦૪ (નમુનો–ઘ)(કુલ–૪ પત્રો)

૩. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસના તા.૫–૧૧–૨૦૨૦ ના પત્રો નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/આઉટ/૨૦૨૦/૧૧૮ થી ૧૨૧ (નમુનો–ખ) (કુલ–૪ પત્રો)

૪. નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકાના તા.૬–૧૧–૨૦૨૦ ના પત્રો નં.સી.સી.સી/સી.ઝોન/આઉટ/૫૧૧ થી ૫૧૪ (કુલ–૪ પત્રો)

૫. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસના તા.૭–૧૧–૨૦૨૦ ના પત્રો નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/આઉટ/૨૦૨૦/૧૨૪ થી ૧૨૭(નમુનો–ગ) (કુલ–૪ પત્રો)

૬. અરજદારશ્રી ગૌતમભાઈ સી. પટેલની તા.૧–૧૨–૨૦૨૦ ના રોજની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને ઉદ્દેશીને કરવામાં આવેલ એક પ્રથમ અપીલ અરજી.

૭. જા.મા.અ. અને ઈ.ચા. પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી)ના તા.૪–૧૨–૨૦૨૦ નો પત્ર ક્રમાંક:સી./એસ.એ.પી./૪૯(નમુનો–ઘ)(અપીલ અરજીની તબદીલી)

૮. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસનો તા.૨૧–૧૨–૨૦ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૦/૧૪૩.

**ફરીયાદની હકીકત :–**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, અરજદાર શ્રી ગૌતમભાઈ સી. પટેલ, પ્રમુખશ્રી આમ આદમી પાર્ટી–સુરત શહેર તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩(૧) હેઠળ તા.૨૦–૧૦–૨૦૨૦ ના રોજ જાહેર માહિતી અધિકારી અને મ્યુ.કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કુલ–૪ અલગ અલગ અરજીઓ કરેલ હતી.

અરજદારશ્રીની સદર અરજીઓ (૧) આઈ.ડી.નં.૩૦૧, (૨) આઈ.ડી.નં.૩૦૨, (૩) આઈ.ડી.નં.૩૦૩ તેમજ (૪) આઈ.ડી.નં.૩૦૪ થી નોંધાયેલ, જે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી)ના તા.૨૧–૧૦–૨૦૨૦ ના પત્રો ક્રમાંકઃસી./આર.ટી.આઈ./૩૦૧ થી ૩૦૪ (નમુનો–ઘ)(કુલ–૪ પત્રો) ધ્વારા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ સહિત કુલ–૩ વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રીઓને એકીસાથે તબદીલ(આંશિક) કરવામાં આવેલ. જે સેક્રેટરી ઓફિસને તા.૨૩–૧૦–૨૦૨૦ ના રોજ મળેલ છે.

અરજદારશ્રીની માહિતી માંગતી અરજીઓ(આઈ.ડી.નં. ૩૦૧,૩૦૨,૩૦૩ અને ૩૦૪)ના મુદ્દા નં.(A) થી (G) ધ્વારા માંગવામાં આવેલ માહિતી પૈકી સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતોના મુદ્દા નં.(C) અને (E) ની દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી(આંશિક) પુરી પાડવા માટે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ સમયમર્યાદામાં અરજદારશ્રીને તા.૫–૧૧–૨૦૨૦ ના રોજના અલગ અલગ પત્રો નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૦/૧૧૮ થી ૧૨૧(નમુનો–ખ) (કુલ–૪ પત્રો) થી જરૂરી ફી (નમુનો–ખ) જમા કરાવવાનું ફરમાવવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રી ગૌતમભાઈ સી. પટેલએ તા.૬–૧૧–૨૦૨૦ ના રોજ નિયત કરેલ દસ્તાવેજો માટેની ફી સુરત મહાનગરપાલિકા હસ્તકના નાગરિક સુવિધા કેન્દ્ર ખાતે જમા કરાવેલ અને નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકાના તા.૬–૧૧–૨૦૨૦ ના અલગ અલગ પત્રો નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૦/૧૧૮ થી ૧૨૧(નમુનો–ખ) (કુલ–૪ પત્રો) થી સેક્રેટરી વિભાગને તેની પહોંચ મળ્યેથી જાહેર માહિતી અધિકારી અને આસી. સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ ધ્વારા તા.૭–૧૧–૨૦૨૦ ના રોજ અલગ અલગ પત્રો નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/આઉટ/૨૦૨૦/૧૨૪ થી ૧૨૭ (કુલ–૪ પત્રો) થી અરજદારશ્રીને સમય મર્યાદામાં માહિતી(આંશિક) (નમુનો–ગ) પુરી પાડેલ છે.

અરજદારશ્રી ગૌતમભાઈ સી. પટેલએ પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને તેઓની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૨૦–૧૦–૨૦૨૦ ના રોજની અરજીઓ (૧) આઈ.ડી.નં.૩૦૧, (૨) આઈ.ડી.નં.૩૦૨, (૩) આઈ.ડી.નં.૩૦૩ તેમજ (૪) આઈ.ડી.નં.૩૦૪ ના સંદર્ભમાં ૩૦ દિવસના સમયમર્યાદા બાદ પણ માંગવામાં આવેલ મુદ્દા નં.(F) અને (G) અંગેની માહિતીઓ પુરી પાડવામાં આવેલ નથી તેમજ તે ન આપવા બાબતે કોઈ પણ પ્રકારની જાણ કરવામાં આવેલ નથી એવું જણાવી સદર કુલ–૪ અરજીઓ બાબતે એકજ સંયુકત પ્રથમ અપીલ અરજી તા.૧–૧૨–૨૦ ના રોજ કરેલ હતી જે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી)ના તા.૪–૧૨–૨૦૨૦ ના પત્ર ક્રમાંકઃસી./એસ.એ.પી./૪૯(નમુનો–ઘ) થી સેક્રેટરી ઓફિસ સહિત કુલ–૩ વિભાગના પ્રથમ અપીલ અધિકારીશ્રીઓને એકીસાથે તબદીલ(આંશિક) કરવામાં આવેલ. જે સેક્રેટરી ઓફિસને તા.૮–૧૨–૨૦૨૦ ના રોજ મળેલ છે.

સદર પ્રથમ અપીલના સંદર્ભમાં પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રીએ તા.૧૬–૧૨–૨૦૨૦ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૦/૧૨ થી જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ પાસે અરજદારશ્રીની માહિતી માંગતી અરજીઓ (નમુનો–ગ) માં જણાવેલ બાબતેની કાર્યવાહીની વિગતો પુરી પાડવા જણાવેલ હતું. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીએ તા.૨૧–૧૨–૨૦૨૦ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૦/૧૪૩ ધ્વારા દફતરી આધાર પુરાવાઓ સહિતનો પોતાનો પક્ષ રજુ કરી જણાવેલ છે કે, અરજદારશ્રીની માહિતી માંગતી અરજીઓ (આઈ.ડી.૩૦૧,૩૦૨,૩૦૩ અને ૩૦૪) થી મુદ્દા નં.(A) થી (G) ધ્વારા માંગવામાં આવેલ માહિતી પૈકી સેક્રેટરી ઓફિસને લાગુ પડતા મુદ્દા નં.(C) અને (E) ની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી સમયમર્યાદામાં તા.૭–૧૧–૨૦૨૦ ના પત્રો નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/આઉટ/૨૦૨૦/૧૨૪ થી ૧૨૭(નમુનો–ગ)(કુલ–૪ પત્રો) થી પુરી પાડવામાં આવેલ છે. આમ, સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતેના મુદ્દાઓની દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી સમય મર્યાદામાં આપવામાં આવેલ છે તેમજ સદર જવાબોથી નારાજ જઈ અરજદારશ્રીએ પ્રથમ અપીલ કરેલ હોવાનું જણાતું ન હોય અરજદારશ્રીની પ્રથમ અપીલ બાબતે સેક્રેટરી ઓફિસ તરફે હવે કશું જ કરવાનું રહેતું નથી અને સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતો માટે દફતરે કરવા વિનંતી કરેલ છે.

વિવાદીશ્રીની મૂળ અરજી, અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, અરજદારશ્રી/ સામેવાળાશ્રીએ કરેલ અરજી/રજૂઆતો/પુરાવાઓ/દલીલો તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**હુકમ**

"અરજદારશ્રી શ્રી ગીતમભાઈ સી. પટેલની આર.ટી.આઈ. એક્ટ હેઠળની તા.૨૦-૧૦-૨૦૨૦ ના રોજની અરજીઓ (૧) આઈ.ડી.નં.૩૦૧ (૨) આઈ.ડી.નં.૩૦૨ (૩) આઈ.ડી.નં.૩૦૩ તેમજ (૪) આઈ.ડી.નં.૩૦૪ થી માંગવામાં આવેલ માહિતી પૈકી સદર અરજીઓના સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતેના મુદ્દા નં.(C) અને (E) ની દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી (આંશિક) જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ તરફથી નિયત સમયમર્યાદામાં તા.૭-૧૧-૨૦૨૦ ના રોજના પત્રો (નમુનો-ગ) નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૦/૧૨૪, ૧૨૫, ૧૨૬ અને ૧૨૭ થી પુરી પાડવામાં આવેલ છે. જે પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર યથાયોગ્ય રાખવામાં આવે છે તેમજ અરજદારશ્રીની અપીલ અરજીની વિગતો તેમજ જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસની લેખિત રજૂઆતો ધ્યાને લેતા સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. જે સમગ્રતયા ધ્યાને લેતા સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબત માટે જ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેક્ટર-૧૦(એ), ગાંધીનગર-૩૮૨૦૧૦ ખાતે દિન-૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

(સ્વાતી પી. દેસાઈ)
પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી
સુરત મહાનગરપાલિકા.

---

નકલ રવાના :-

સા.ર.:- સેક્શન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ.
ન.ર. :- જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ.... જાણ માટે.
ન.ર. :- શ્રી ગીતમભાઈ સી. પટેલપ્રતિ.....જાણ સારૂ.

(૭)

# સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા,
સુરત–૩૯૫૦૦૩. ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪.

RIGHT TO INFORMATION

SWACHH SURVEKSHAN 2021

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૧/૬
તા.૨–૦૨–૨૦૨૧

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૨૦/૯**

**અરજદાર :–**
**શ્રી જાગૃત બી. પટેલ**

**વિરુધ્ધ**

**સામેવાળા :–** જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષય:**અરજદારશ્રીની તા.૯–૧૦–૨૦૨૦ ના રોજની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજીની માહિતી આપવા બાબત.

**સંદર્ભ:** અરજદારશ્રીની તા.૯–૧૨–૨૦૨૦ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું:**

૧. અરજદાર શ્રી જાગૃત બી. પટેલની આર.ટી.આઈ. એકટ હેઠળ પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી વિભાગને ઉદ્દેશીને તા.૯–૧૨–૨૦૨૦ ના રોજ કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી.

૨. અરજદાર શ્રી જાગૃત બી. પટેલની આર.ટી.આઈ. એકટ હેઠળની જા.મા.અ. અધિકારીશ્રી, મેયરશ્રીની કચેરીને ઉદ્દેશીને તા.૯–૧૦–૨૦ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર, વરાછા ઝોન, સુરત મહાનગરપાલિકાને કરેલ અરજી.

૩. અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનો તા.૯–૧૨–૨૦૨૦ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૦/૧૧

૪. જા.મા.અ. અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૧૮–૧૨–૨૦૨૦ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/ આઉટ/૨૦૨૦/૧૪૧

૫. અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનો તા.૧–૧–૨૦૨૧ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૧/૧

૬. અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનો તા.૨૦–૧–૨૦૨૧ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૧/૪

૭. અરજદારશ્રી જાગૃત બી.પટેલનું તા.૨૫–૧–૨૦૨૧ ના રોજનું પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રીને ઉદ્દેશીને આપેલ લેખિત નિવેદન.

<u>ફરીયાદની હકીકત :-</u>

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના અરજદારશ્રી જાગૃત બી. પટેલ,

સુરત તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ તેઓશ્રીની તા.૯-૧૦-૨૦૨૦ ના રોજ જાહેર માહિતી અધિકારીશ્રી, મેયરશ્રીની કચેરીને ઉદ્દેશીને નાગરિક સુવિધા કેન્દ્ર, વરાછા ઝોન, સુરત મહાનગરપાલિકા ખાતે કરવામાં આવેલ માહિતી માંગતી અરજીના સંદર્ભમાં તા.૯-૧૨-૨૦૨૦ ના રોજ સેક્રેટરી વિભાગ, સુરત મહાનગરપાલિકા કચેરી, મુગલીસરા, સુરત ખાતે રૂબરૂ આવી પ્રથમ અપીલ અધિકારી, મ્યુ.સેક્રેટરી વિભાગને ઉદ્દેશીને પ્રથમ અપીલ કરવામાં આવેલ છે. જે અત્રેની કચેરીએ અપીલ નં.૨૦૨૦/૯ થી દાખલ કરવામાં આવેલ છે.

સબબ, સદર અપીલ અરજીમાં અરજદારશ્રી ધ્વારા જણાવ્યાનુસાર તેઓને માંગેલ માહિતીનો સંતોષકારક જવાબ મળી રહેલ નથી તેમજ અરજદારશ્રીએ બિડાણ કરેલ માહિતી માંગતી અરજી (નમુનો-ક) ના મુદ્દા નં.૧ થી ૯, વિગેરે બાબતો ધ્યાને લઈ, તા.૯-૧૨-૨૦૨૦ ના રોજ સદર અપીલ કુલ-૨ વિભાગો (૧) પ્રથમ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી તેમજ (૨) પ્રથમ અપીલ અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રીને પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૦/૧૧ થી એકસાથે નમુનો-ઘ થી તબદીલ કરવામાં આવેલ છે તેમજ જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ પાસે અરજદારશ્રીની માહિતી માંગતી અરજીમાં જણાવેલ બાબતેની કાર્યવાહીની વિગતો સમય મર્યાદામાં પુરી પાડવા જણાવેલ.

જે અન્વયે સામાવાળા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનાએ તા.૧૮-૧૨-૨૦૨૦ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૦/૧૪૧ થી જરૂરી લેખિત દલીલો સહિત અપીલ તબકકે આધાર સહ પોતાનો પક્ષ રજુ કરેલ છે. જે ધ્યાને લઈ <u>સેક્રેટરી ઓફિસને લાગત બાબતેની ઉકત પ્રથમ અપીલની સુનવણી તા.૨-૧-૨૦૨૧ ના રોજ, સવારે ૧૧-૩૦ કલાકે મુકરર કરેલ પરંતુ</u> તા.૧-૧-૨૦૨૧ ના રોજ રાત્રે અરજદારશ્રીએ ટેલીફોન કરી જણાવ્યું કે તેઓનો ડેગ્યુનો રીપોર્ટ પોઝીટીવ આવેલ હોય ડોકટરી સલાહ અનુસાર તેઓને સારવાર કરાવવાની થતી હોય પ્રથમ અપીલની સુનવણીમાં હાજર રહી શકાશે નહી અને સાજા થયા બાદ અપીલની સુનવણી રાખવા વિનંતી કરેલ, જેથી <u>સદર અપીલની સુનવણી(બીજી વખત) કરવા માટે અરજદારશ્રી સાથે થયેલ ટેલીફોનીક ચર્ચા મુજબ તેઓશ્રીની અનુકુળતા ધ્યાને લઈ તા.૨૫-૧-૨૦૨૧ ના રોજ સવારે ૧૧-૩૦ કલાકે મુકરર કરેલ જે</u> સુનવણીમાં અરજદારશ્રી જાગૃત બી. પટેલ તેમજ સામાવાળા તરફે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ નિયત સમયે હાજર રહેલ.

સુનવણી દરમ્યાન અરજદારશ્રીએ જણાવ્યું કે, તેઓની તા.૯-૧૦-૨૦૨૦ ના રોજની માહિતી માંગતી અરજી મેયરશ્રી, સુરતને ઉદ્દેશીને કરેલ હતી પરંતુ સેક્રેટરી ઓફિસ પાસેથી માહિતી મળેલ નથી તેમજ સુરત મહાનગરપાલિકાના અન્ય ઝોન ધ્વારા પણ સંપુર્ણ માહિતી મળેલ નથી. અમુક ઝોન ધ્વારા જે કંઈક માહિતી આપવામાં આવેલ છે તેમાં પારદર્શિકા જણાતી નથી / માહિતી અધુરી જણાય આવેલ હોય, આપવામાં આવેલ માહિતી પ્રત્યે સંતોષ નહી હોવાથી જુદા જુદા ખાતા/ ઝોન લેવલે પણ પ્રથમ અપીલ કરેલ હતી પરંતુ ખાતા/ઝોન ધ્વારા તેઓને રૂબરૂ સાંભળ્યા વિના / હીયરીંગ રાખ્યા વિના કોવિડ-૧૯ નું કારણ દર્શાવી ડાયરેકટ હુકમ કરેલ, તે અયોગ્ય છે. અરજદારશ્રીએ દરેક ઝોન ધ્વારા પણ અરજીમાં જણાવેલ મુદ્દા નં.(૧) થી (૯) ની માહિતી સંપુર્ણ મળી શકે તે માટે વિનંતી/માંગણી કરેલ છે.

ત્યારબાદ, જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી વિભાગે સુનવણી દરમ્યાન જણાવ્યું કે, અરજદારશ્રીની તા.૯-૧૦-૨૦૨૦ ના રોજની માંગતી અરજી અત્રેની કચેરીએ અરજદારશ્રી ધ્વારા પ્રથમ અપીલ કર્યા બાદ તે અન્વયે મળેલ છે, એટલે કે સેક્રેટરી ઓફિસ ખાતે અરજદારશ્રીની માહિતી માંગતી અરજી, પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રી ધ્વારા તા.૯-૧૨-૨૦૨૦ ના રોજ પ્રથમ અપીલ અરજી સાથે અરજદારે રજુ કરેલ બિડાણો જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીને મોકલ્યેથી મળેલ છે.

વધુમાં, જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ અરજદારશ્રીની માહિતી માંગતી અરજીના મુદ્દા નં.(૧) થી (૯) માં જણાવેલ વિગતો પૈકી માત્ર સેક્રેટરી ઓફિસને આંશિક રીતે લાગુ પડતા મુદ્દા નં.(૮) અને (૯) બાબતો તેમનો પક્ષ રજુ કરેલ અને સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતેની સંપુર્ણ સમજ આપવામાં આવેલ અને તેમની ગેરસમજ દુરી અરજદારશ્રીને સંતોષકારક જવાબ આપેલ, જે અરજદારશ્રીએ ગ્રાહય રાખેલ છે.

સુનવણીના અંતે અરજદારશ્રીએ પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રીને ઉદ્દેશીને પત્ર પાઠવી નિવેદન આપેલ છે કે, "મને મારી માહિતી માંગતી અરજીના લાગત સુરત મહાનગરપાલિકાના અન્ય ઝોન/વિભાગો ધ્વારા સંપુર્ણ/યોગ્ય માહિતી મળેલ નહી હોવાથી તે તમામ ઝોન/વિભાગો ધ્વારા મારી માહિતી માંગતી અરજી સંદર્ભે માહિતી મળી શકે તે માટે જરૂરી યોગ્ય કાર્યવાહી કરવા મારો અનુરોધ છે તેમજ સેક્રેટરી વિભાગ પાસે મળેલ જવાબ/રજુઆત પ્રત્યે મને સંતોષ છે. જે ધ્યાને લઈ મારી સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતો માટે જ હું અપીલ અરજી દફતરે કરવા વિનંતી કરું છું."

**અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી, સુનવણી દરમ્યાન કરવામાં આવેલ રજુઆત તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

## હુકમ

" અરજદારશ્રી જાગૃત બી. પટેલની તા.૯-૧૦-૨૦૨૦ ના રોજની માહિતી માંગતી મૂળ અરજી (નમુનો-ક) સેક્રેટરી વિભાગને અરજદાર ધ્વરા પ્રથમ અપીલ અરજી અન્વયે મળેલ હોય જેની સુનવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસે તેમનો પક્ષ રજૂ કરી અરજદારશ્રીની ગેરસમજ દુર કરી સેક્રેટરી ઓફિસને લાગુ પડતી માહિતી બાબતોની સંપુર્ણ સમજ આપેલ, જે અરજદારશ્રીને સંતોષકારક જણાતા તેને ગ્રાહ્ય રાખી પ્રથમ અપીલ અધિકારીશ્રી અને સેક્રેટરી ઓફિસને ઉદ્દેશીને આપવામાં આવેલ લેખિત નિવેદન અન્વયે અરજદારશ્રીની માહિતી માંગતી અરજી(નમુનો-ક) ના સેક્રેટરી ઓફિસને લાગુ પડતી માહિતી, કાયદા અને નિયમની જોગવાઈ ધ્યાને લઈ આર.ટી.આઈ એકટની કલમ-૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારશ્રીને તાકીદે પુરી પાડવા તેમજ અરજદારશ્રીની મૌખિક અને લેખિત રજુઆત અન્વયે સુરત મહાનગરપાલિકાના વિવિધ ખાતા / ઝોન ધ્વારા તેમને નહીં પુરી પડાયેલ માહિતી તેમને મળી શકે તે માટે લાગત કાર્યક્ષેત્ર ધરાવતા ખાતા/ઝોનને અવગત કરવાની ઘટીત કાર્યવાહી કરવા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી વિભાગને આથી જણાવવામાં આવે છે અને અરજદારશ્રીની સુનવણી સમયેની લેખિત રજુઆત ધ્યાને લઈ, સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબત માટે જ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર-૧૦(એ), ગાંધીનગર-૩૮૨૦૧૦ ખાતે દિન-૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

(સ્વાતી પી. દેસાઈ)
પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી
સુરત મહાનગરપાલિકા.

---

**નકલ રવાના :-**

સા.ર.:- સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ.
ન.ર. :- જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ
ન.ર. :- અરજદારશ્રી જાગૃત બી. પટેલ પ્રતિ.....જાણ સારૂ.

(૨) (૨)

# સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા,
સુરત–૩૯૫૦૦૩. ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪.

SWACHH SURVEKSHAN 2021

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૧/૭
તા.૮–૦૨–૨૦૨૧

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૨૦/૧૨**

**અરજદાર :–**

**શ્રી બીપીનસિંહ એમ.પીલુદરીયા**

**વિરુધ્ધ**

**સામેવાળા** :– મદદનીશ જા.મા.અ.અને પ્રથમ શ્રેણી કલાર્ક, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષય**:–આર.ટી.આઈ.એક્ટ હેઠળ અરજદારશ્રીની તા.૧૯–૧૧–૨૦૨૦ ના રોજની માહીતી માંગતી અરજીની આઈ.ડી.નં.૧૩૯૯ ની માહીતી આપવા બાબત.

**સંદર્ભ**: અરજદારશ્રીની તા.૩૦–૧૨–૨૦૨૦ ના રોજની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું:**

1. અરજદારશ્રી બીપીનસિંહ એમ.પીલુદરીયાની માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ તા.૧૯–૧૧–૨૦૨૦ ના રોજ જા.મા.અધિકારીશ્રી, અધ્યક્ષશ્રી–સ્થાયી સમિતિની કચેરીને ઉદ્દેશીને નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે કરવામાં આવેલ માહીતી માંગતી અરજી.
2. જા.મા.અ. અને એકઝીકયુટીવ આસી.શ્રી ના તા.૨૦–૧૧–૨૦૨૦ ના પત્ર નં.સીસીસી.સીઝેડ/આરટીઆઈ/આ.નં.૧૩૯૯(નમુનો–ઘ)
3. જા.મા.અ.અને ઈ.ચા.સોલીડ વેસ્ટ મેનેજરશ્રી, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગનો તા.૮–૧૨–૨૦૨૦ નો પત્ર નં.PHD/SWM/RTI/OUT/56 (નમુનો–ઘ)
4. જા.મા.અ.અને આસી.સેક્રેટરી, સેક્રેટરી વિભાગનો તા.૧૨–૧૨–૨૦૨૦નો અંગત મદદનીશશ્રી, અધ્યક્ષ સ્થાયી સમિતિને ઉદ્દેશીને લખેલ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૦/૧૩૬
5. અંગત મદદનીશશ્રી, અધ્યક્ષ સ્થાયી સમિતિ, સુરત મહાનગરપાલિકાનો તા.૧૮–૧૨–૨૦૨૦ નો પત્ર નં.અધ્યક્ષ/સ્થા.સ./આર.ટી.આઈ./૩.
6. મદદનીશ જા.મા.અ.અને પ્રથમ શ્રેણી કલાર્કશ્રી, સેક્રેટરી ઓફિસનો તા.૧ –૧૨–૨૦૨૦ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૦/૧૪૦ (નમુનો–ગ)
7. અરજદારશ્રી બીપીનસિંહ એમ.પીલુદરીયાની આર.ટી.આઈ. એક્ટ હેઠળ એપેલેટ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રીને ઉદ્દેશીને તા.૩૦–૧૨–૨૦૨૦ ના રોજ કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી.
8. જા.મા.અ. અને એકઝીકયુટીવ આસી.શ્રી ના તા.૩૦–૧૨–૨૦૨૦ ના પત્ર નં.સીસીસી.સીઝેડ/આરટીઆઈ/આ.નં.૩૩૭(નમુનો–ઘ)

..૨

9. અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનો તા.૨૦–૧–૨૦૨૧નો પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૦/૩.

10. જાહેર માહીતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૨૧–૧–૨૦૨૧નો પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/ આઉટ/૨૦૨૧/૧૪૯.

11. અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનો તા.૨૫–૧–૨૦૨૧ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૧/૫

12. અરજદારશ્રી બીપીનસિંહ એમ. પીલુદરીયાનું તા.૨૮/૦૧/૨૦૨૧ ના રોજનું પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રીને ઉદ્દેશીને આપેલ લેખિત નિવેદન.

<u>ફરીયાદની હકીકત</u> :–

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના અરજદારશ્રી બીપીનસિંહ એમ.પીલુદરીયા,

તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ તા.૧૯–૧૧–૨૦૨૦ ના રોજ અધ્યક્ષશ્રી–સ્થાયી સમિતિ, જાહેર માહિતી અધિકારીની કચેરીને ઉદ્દેશીને નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકા ખાતે કરવામાં આવેલ હતી. જે જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી.શ્રી ના તા.૨૦–૧૧–૨૦૨૦ ના પત્ર નં.સીસીસી.સીઝેડ/આરટીઆઈ/ આ.નં.૧૩૯૯ થી જાહેર માહિતી અધિકારી, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ સહિતના કુલ–૮ વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રીઓને તબદીલ થયેલ, જે તેઓએ તા.૮–૧૨–૨૦૨૦ ના પત્ર નં.PHD/SWM/RTI/OUT/56 (નમુનો–ઘ) થી સેક્રેટરી ઓફિસને નમુનો–ઘ થી તબદીલ કરેલ જે સેક્રેટરી ઓફિસને તા.૯–૧૨–૨૦૨૦ ના રોજ મળેલ. આમ, અરજદારશ્રીની માહિતી માંગતી અરજી સેક્રેટરી વિભાગને ૨૦ દિવસ બાદ મળેલ છે. જેના અનુસંધાને માત્ર સેક્રેટરી ઓફિસને લાગત બાબતેની માહિતી પુરી પાડવા અર્થે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ તા.૧૨–૧૨–૨૦૨૦ ના રોજ અંગત મદદનીશ, અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિને પત્ર પાઠવેલ હતો. જેના અનુસંધાને અંગત મદદનીશ, અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિના તા.૧૮–૧૨–૨૦૨૦ ના પત્ર નં.અધ્યક્ષ/સ્થા.સ./આર.ટી.આઈ./૩ થી સદર બાબતેની માહિતી આપવામાં આવેલ. મદદનીશ જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, સેક્રેટરી ઓફિસ ધ્વારા સદર પત્રથી મળેલ માહિતીના અનુસંધાનમાં સમયમર્યાદામાં અરજદારશ્રીને તા.૧૮–૧૨–૨૦૨૦ ના પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/આઉટ/ ૨૦૨૦/૧૪૦ (નમુનો–ગ) થી સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતેની રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી પુરી પાડવામાં આવેલ છે. જેના અનુસંધાને તા.૩૦–૧૨–૨૦૨૦ ના રોજ અરજદારે અરજીના મુદ્દા નં.૧ અને ૨(આંશિક) ના જવાબથી સંતોષ નથી તથા મુદ્દા નં.૩ થી ૭ નો જવાબ આપવામાં આવેલ નથી વિગેરે અપીલ માટેના કારણો જણાવી નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે પ્રથમ અપીલ કરવામાં આવેલ હતી.

સેક્રેટરી ઓફિસ ખાતે સદર અપીલ જાહેર માહિતી અધિકારી અને એકિઝ.આસી. એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર(સે.ઝોન) ધ્વારા તબદીલ થઈ તા.૩૧–૧૨–૨૦૨૦ ના રોજ મળેલ છે.

સદર અપીલ અરજી ધ્યાને લઈ, પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રીએ તા.૨૦–૧–૨૦૨૧ ના પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/ અપીલ/ આઉટ/ ૨૦૨૦/૩ થી તા.૨૨–૧–૨૦૨૨ ના રોજ સાંજે ૪–૦૦ કલાકે અરજદારશ્રી બીપીનસિંહ એમ. પીલુદરીયા અને સામાવાળા મદદનીશ જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, સેક્રેટરી ઓફિસને રૂબરૂ હાજર રહેવા તેમજ મદદનીશ જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્કને માહિતી માંગતી અરજીના અનુસંધાને કરેલ કાર્યવાહીની વિગતો સહિતનો પક્ષ રજુ કરવા જણાવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી અને આસી.સેક્રેટરીશ્રીએ તા.૨૧–૧–૨૦૨૧ ના રોજ જરૂરી બિડાણો / પુરાવાઓ સહિત આધારસહ તેવો પક્ષ રજુ કરેલ છે. સુનવણીના રોજ સવારે અરજદારશ્રીએ જણાવ્યું કે તેઓ આજરોજ સુનવણીમાં રૂબરૂ હાજર રહી શકે તેમ નથી અને સદર અપીલની સુનવણી તા.૨૮–૧–૨૦૨૧ ના રોજ રાખવા વિનંતી કરેલ. જે પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રીએ ગ્રાહય રાખી, અરજદારશ્રી સાથે થયેલ ટેલીફોનીક ચર્ચા મુજબ તેઓશ્રીની અનુકુળતા ધ્યાને લઈ સદર પ્રથમ અપીલની સુનવણી (બીજી વખત) તા.૨૮–૧–૨૦૨૧ ના રોજ સાંજે ૪–૦૦ કલાકે રાખવામાં આવેલ હતી જેમાં નિયત સમયે અરજદારશ્રી બીપીનસિંહ એમ.પીલુદરિયા તેમજ સામાવાળા તરફે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ હાજર રહેલ. સુનવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ ધ્વારા પુર્તતા અહેવાલમાં જણાવેલ તમામ વિગતો સાબિતી સહ અરજદારશ્રી સમક્ષ રજુ કરેલ હતી. જે તમામ પુરાવાઓ અરજદારશ્રીએ ગ્રાહય રાખ્યા હતા.

અરજદારશ્રીએ સુનવણી દરમ્યાન પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીને ઉદ્દેશીને લેખિત નિવેદન તેમજ મૌખિક ચર્ચા અન્વયે જણાવ્યું કે, તા.૧૯–૧૧–૨૦૨૦ ના રોજ ની મૂળ અરજી આઈ.ડી.નં.૧૩૯૯ ના સેક્રેટરી ઓફિસને લાગુ પડતી માહિતી તા.૧૮–૧૨–૨૦૨૦ ના પત્રનં.આર.ટી.આઈ./સેક્રેટરી/ આઉટ/૨૦૨૦/૧૪૦ અન્વયે સમય મર્યાદામાં મળી ગયેલ છે. જે બાબતે અત્રે થયેલ ચર્ચા અન્વયે મળેલ પ્રત્યુત્તર/માહિતી પ્રત્યે સંતોષ છે અને મારી સદર અપીલ અન્વયે સેક્રેટરી ઓફિસ પાસે કોઈપણ માહિતી મેળવવાની બાકી નથી અને સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતેની અપીલ અરજી દફતરે કરવા વિનંતી કરેલ છે.

**અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, અરજદારશ્રી/સામાવાળાની મૌખિક અને લેખિત રજુઆતો તેમજ કેસની ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**હુકમ**

"અરજદારશ્રી બીપીનસિંહ એમ. પીલુદરીયાની તા.૧૯–૧૧–૨૦૨૦ ની મૂળ અરજી (આઈ.ડી.૧૩૯૯) ના મુદ્દા નં.(૧) થી (૭) થી માંગવામાં આવેલ માહિતી અન્વયે સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે મદદનીશ જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, સેક્રેટરી ઓફિસ તરફથી નિયત સમય મર્યાદામાં ઓફિસના દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી(આંશિક) નિયત સમયમર્યાદામાં પુરી પડાયેલ હોઈ, પાઠવવામાં આવેલ પ્રત્યુતર યથાયોગ્ય રાખવામાં આવે છે તેમજ રૂબરૂ સુનાવણી વખતે અરજદારશ્રીની લેખિત રજુઆત ધ્યાને લેતા સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. જે સમગ્રયતા ધ્યાને લેતા સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબત માટે જ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

(સ્વાતી પી. દેસાઈ)
પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરી
સુરત મહાનગરપાલિકા.

---

નકલ રવાના :–

સા.ર.:– સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ.
ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ.... જાણ માટે.
ન.ર. :– અરજદારશ્રી બીપીનસિંહ એમ.પીલુદરીયા પ્રતિ.